જો આવું જ રહેશે તો આ ઐતિહાસિક સ્થળ ઇતિહાસના પાના પર જ રહી જશે

દાંડી સ્મારક માટેના 100 કરોડ પાણીમાં

પ્રવાસન સુવિધાઓના નામે મીંડું, મહત્વની ટ્રેનોને સ્ટોપેજ નહીં

ગાંધીજીની ઐતિહાસિક ધરતી સુધી પહોંચવામાં પ્રવાસીઓને હાલાકી







નવસારીઃ દેશના સ્વાતંત્ર્ય સંગ્રામની ઐતિહાસિક ધરોહર સમાન દાંડીને પ્રવાસનના નકશા પર વિશેષ સ્થાન અપાવવાના આશયથી અંદાજે 100 કરોડના ખર્ચે રાષ્ટ્રીય મીઠા સત્યાગ્રહ સ્મારકનું નિર્માણ કરવામાં આવ્યું હતું. વર્ષ 2019માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પિત આ સ્મારક મહાત્મા ગાંધીજીની ઐતિહાસિક દાંડીકૂચ અને અંગ્રેજો સામેના મીઠા સત્યાગ્રહની ગૌરવગાથા રજૂ કરે છે. જોકે, કરોડોના ખર્ચે તૈયાર થયેલી આ ઐતિહાસિક ધરોહર સુધી પ્રવાસીઓ સરળતાથી પહોંચી શકે તેવી પરિવહન વ્યવસ્થા હજુ પૂરતી વિકસિત થઈ નથી.

દિવાળી સહિતના લાંબા વેકેશન દરમિયાન પ્રવાસન સ્થળોએ મુલાકાતીઓનો ધસારો રહે છે, પરંતુ દાંડીમાં અપેક્ષિત અવરજવર ન થવા પાછળ સુવિધાઓનો અભાવ મહત્ત્વનું કારણ બની રહ્યો છે. ગાંધીવાદી અને મીઠા સત્યાગ્રહ સ્મારકના મેનેજર કાળુ ડાંગરના જણાવ્યા અનુસાર સ્મારક બન્યા બાદ પ્રવાસીઓનો પ્રવાહ વધ્યો છે, પરંતુ અપૂરતી વ્યવસ્થાને કારણે તેમની મુલાકાત મર્યાદિત રહે છે.

6.30 વાગ્યા પછી તો પરત જવા માટે બસ પણ નથી

સૌથી ગંભીર સમસ્યા બસના સમયપત્રકની છે. સ્મારક રાત્રે 8 વાગ્યા સુધી ખુલ્લું રહેતું હોવા છતાં દાંડીથી નવસારી પરત ફરવાની છેલ્લી બસ સાંજે 6:30 વાગ્યે મળી રહેતી હોવાનું જણાવાયું છે. પરિણામે પ્રવાસીઓએ મુલાકાત અધૂરી રાખવી પડે છે અથવા ખાનગી વાહનો પાછળ વધારાનો ખર્ચ કરવો પડે છે. એસ.ટી. બસ અને સ્થાનિક પરિવહન વચ્ચે સંકલનના અભાવે જરૂરિયાતના સમયે વાહન ઉપલબ્ધ થતું નથી. વેકેશન અને રજાના દિવસોમાં આ મુશ્કેલી વધુ ગંભીર બને છે.

દાંડી માટે આવતી મહત્વપૂર્ણ ટ્રેનોને નવસારીમાં સ્ટોપેજ કેમ ન મળે?

રેલવે કનેક્ટિવિટીનો અભાવ પણ પ્રવાસન વિકાસમાં અવરોધરૂપ છે. મુંબઈ, દિલ્હી સહિતનાં શહેરોમાંથી આવતા મુસાફરો માટે નવસારી સ્ટેશન પર મહત્વપૂર્ણ લાંબા અંતરની એક્સપ્રેસ ટ્રેનોના સ્ટોપેજનો પ્રશ્ન ઊભો થયો છે. મેનેજર કાળુ ડાંગરે સવાલ ઉઠાવ્યો છે કે સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે નવી રેલવે સુવિધાઓ વિકસાવી શકાય તો દેશના આઝાદીના મહાન પ્રતીક દાંડી માટે આવતી મહત્વપૂર્ણ ટ્રેનોને નવસારીમાં સ્ટોપેજ કેમ ન મળે? હવે જિલ્લા વહીવટી તંત્ર, પ્રવાસન વિભાગ, એસ.ટી. નિગમ અને રેલવે વિભાગે સંકલિત આયોજન કરવાની જરૂર છે. નવસારીથી દાંડી નિયમિત બસ સેવા, સાંજની વધારાની બસો, અનુકૂળ ટ્રેન સ્ટોપેજ તથા ડિજિટલ માર્ગદર્શન ઉપલબ્ધ કરાવવું જોઈએ. 100 કરોડનું સ્મારક બનાવવું એક સિદ્ધિ છે, પરંતુ પ્રવાસીઓ ત્યાં સરળતાથી પહોંચી શકે તેવી વ્યવસ્થા ઊભી કરવી વિકાસની સાચી કસોટી છે. હવે સવાલ એ છે કે ઐતિહાસિક ધરોહરને પ્રવાસનનું જીવંત કેન્દ્ર બનાવવા તંત્ર ક્યારે જાગશે?

સંક્ષિપ્ત સમાચાર

નવસારીમાં છઠ મહાપર્વે ૫ હજારથી વધુ શ્રદ્ધાળુઓ જોડાયા



નવસારી : નવસારીના હંસાપોર રોડ પર સ્વામિનારાયણ સ્કૂલ સામે આવેલી ગાંધી ફાટક નહેર ખાતે ૧૫ અને ૧૬ નવેમ્બરના રોજ છઠ મહાપર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શ્રી સાર્વજનિક છઠપૂજા સમિતિ અને મૈથિલ યુવા મંચ ટ્રસ્ટ દ્વારા આયોજિત આ મહોત્સવમાં ૫ હજારથી વધુ શ્રદ્ધાળુઓ જોડાયા હતા. વ્રતધારી મહિલાઓ અને પુરુષોએ અસ્તાચળગામી તેમજ ઉદયમાન સૂર્યદેવને અર્ઘ્ય અર્પણ કરી પરિવારની સુખ-સમૃદ્ધિ અને આરોગ્ય માટે પ્રાર્થના કરી હતી. ધાર્મિક વિધિઓ અને સૂર્ય ઉપાસનાથી નહેર કિનારે ભક્તિમય માહોલ સર્જાયો હતો. આ પ્રસંગે ધારાસભ્ય આર.સી. પટેલ અને મેયર અશોક ધોરાજીયા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

સાપુતારા ૧૦૮એ રસ્તામાં જટિલ બ્રીચ ડિલિવરી કરાવી માતા-નવજાતનો જીવ બચાવ્યો



સાપુતારા : ગુજરાતની જીવાદોરી સમાન ૧૦૮ ઇમરજન્સી એમ્બ્યુલન્સ સેવાએ વધુ એક વખત પોતાની ઉત્કૃષ્ટ અને માનવતાવાદી સેવાના દર્શન કરાવ્યા છે. આહવાથી વલસાડ સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવેલી ગર્ભવતી મહિલા દીપિકાબેન રામદાસભાઈ સૂર્યવંશીને રસ્તામાં ગંભીર અને જટિલ પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો હતો. જ્યારે એમ્બ્યુલન્સ કુર્કસ ગામ નજીક પહોંચી, ત્યારે ગર્ભવતી મહિલાને બ્રીચ પ્રેઝન્ટેશન (બ્રીચ ડિલિવરી) જેવી અત્યંત જોખમી અને ગંભીર સમસ્યા સર્જાઈ હતી. આ કટોકટીની પળોમાં EMT અંકિત ગાયકવાડ અને પાયલોટ દિનકર પટેલે ત્વરિત પગલાં રૂપે અમદાવાદ સ્થિત ERCP ડો. રામાનીનો સંપર્ક સાધી તેમની માર્ગદર્શક તબીબી સલાહ મેળવી હતી. ડોક્ટરની સલાહ મુજબ દર્દીને ઓક્સિજન, ઇન્જેક્શન અને સલાઈનની બોટલ ચડાવવામાં આવી હતી. ત્યારબાદ એમ્બ્યુલન્સની અંદર જ સફળ પ્રસૂતિ કરાવવામાં આવી હતી, જેના કારણે માતા અને બાળક બંનેનો જીવ બચી ગયો હતો. પ્રસૂતિ બાદ માતા અને નવજાત શિશુને CHC વઘઈ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ ઉત્કૃષ્ટ અને પ્રશંસનીય કામગીરી બદલ અમદાવાદના ERCP ડો. રામાની, EME અરવિંદ ચૌધરી અને PM ધવલ પટેલે સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

ચીખલીના ગોડથલ ગામે પ્રેમસંબંધના વહેમમાં યુવક પર લોખંડના પાઇપથી હુમલો

ઘેજ : ચીખલી તાલુકાના ગોડથલ ગામે પ્રેમસંબંધના વહેમ રાખીને એક યુવક પર લોખંડના પાઇપથી જીવલેણ હુમલો કરાયાની ઘટના સામે આવી છે. ગોડથલના પટેલ ફળિયામાં રહેતા વિશ્લેષ જીગ્નેશભાઈ પટેલ (ઉ.વ. ૨૪) શનિવારે બપોરે પોતાના મિત્ર સાથે એક્સેસ મોપેડ પર ગામના ડુંગર પર ફરવા ગયા હતા. તે દરમિયાન શિવમકુમાર જીગ્નેશભાઈ પટેલે ત્યાં આવીને બોલાચાલી કરી ગાળો આપી હતી અને "તું મારી બહેનને કેમ ફોન કરીને હેરાન કરે છે?" તેમ કહી ઝપાઝપી કરી હતી. ત્યારબાદ ઉશ્કેરાઈને લોખંડના પાઇપથી માથાના ભાગે માર મારતા વિશ્લેષ લોહીલુહાણ થયા હતા. વચ્ચે પડીને મિત્રે તેમને વધુ મારથી બચાવ્યા હતા, અને આરોપી જતા-જતા જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યો હતો. ઇજાગ્રસ્ત વિશ્લેષને સારવાર અર્થે પ્રથમ રૂમલા સી.એચ.સી. અને બાદમાં આલીપોર હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ અંગે વિશ્લેષ વીરચંદભાઈ ઘોડિયા પટેલે ફરિયાદ નોંધાવતા, ચીખલી પોલીસે શિવમકુમાર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નાનાપોંઢાના વારોલી જીરવલ જામગભાણ રોડનું બિરસા મુંડા રોડ તરીકે નામકરણ



ભાજપના શાસનમાં આદિવાસી સમાજના યુવક-યુવતીઓ એસ.પી., પાયલોટ પણ બની રહ્યા છે : નાયબ મુખ્યમંત્રી

વલસાડ : નાનાપોંઢામાં ભગવાન બિરસા મુંડાની 151મી જન્મ જયંતી નિમિત્તે નાયબ મુખ્ય મંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિ વચ્ચે યોજાયેલા જન જાતીય ગૌરવ દિવસ અંતર્ગત જિલ્લામાં 6.82 કરોડના વિકાસના કામોનું લોકાર્પણ અને 48.31 કરોડના ખર્ચે વિકાસના કામોનું ઈ-ખાતમુર્હૂત કરાયું હતું. ઉપરાંત ધરમપુર તાલુકાના આસુરા ટેટપાડા રોડ અને નાનાપોંઢા તાલુકાના વારોલી, જીરવલ, જામગભાણ રોડનું બિરસા મુંડા રોડ તરીકે નામકરણ જાહેર કરાયું હતું. ઉપરાંત કલગામમાં 92.96 કરોડના ખર્ચે એકલવ્ય મોડેલ રેસિડેન્સિયલ સ્કૂલ મકાનનું ઈ-ખાતમુર્હૂત કરાયું હતું. પોતાના વક્તવ્યમાં હર્ષ સંઘવીએ ભાજપના શાસનમાં આદિવાસી સમાજના યુવક-યુવતીઓ માત્ર પોલીસ કે કંડકટર જ નહી કલેક્ટર, એસ.પી., પાયલોટ પણ બની રહ્યા છે.

નાનાપોંઢા સર્કલથી મુખ્ય કાર્યક્રમ સ્થળ સુધી એક ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પરંપરાગત આદિવાસી સંસ્કૃતિની ઝાંખી કરાવતા લોકનૃત્યો અને વાદ્યોના તાલે ખૂબ મોટી સંખ્યામાં આદિવાસી ભાઈઓ અને બહેનો ઉત્સાહભેર જોડાયા હતા. સમગ્ર વાતાવરણ આદિવાસી અસ્મિતા અને ગૌરવના નાદથી ગુંજી ઉઠ્યું હતું. કાર્યક્રમ દરમિયાન જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, સ્થાનિક ધારાસભ્ય જીતુ ચૌધરી ઉપરાંત તમામ ધારાસભ્યો, હોદેદારો, અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

વલસાડમાં દિવાળી વેકેશન ટાણે તસ્કર ટોળકી સક્રિય

અબ્રામા બાદ હવે રાજનગરમાં એક સાથે 4 મકાનના તાળા તૂટ્યા

પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજ અને શંકાસ્પદ ઇસમોની પૂછપરછ સાથે સઘન તપાસ શરૂ

વલસાડ : શહેરમાં દિવાળી વેકેશનનો લાભ ઉઠાવી તસ્કર ટોળકી સક્રિય બની છે, જેના કારણે વેકેશન પર બહારગામ જતા સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ ફેલાયો છે. તાજેતરમાં જ શહેરના અબ્રામા વિસ્તારમાં આવેલા એક બંગલામાં ચોરીની ઘટના બની હતી, જેની તપાસ હજુ ચાલી રહી છે ત્યાં જ તસ્કરોએ હવે રાજનગર વિસ્તારને નિશાન બનાવ્યો છે. રાજનગર વિસ્તારમાં તસ્કરોએ એકસાથે ત્રણથી ચાર જેટલા ઘરોના તાળા તોડી ચોરીની ઘટનાને અંજામ આપતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

રાજનગર વિસ્તારમાં એકસાથે અનેક ઘરોના તાળા તૂટ્યા હોવાની જાણ થતા જ વલસાડ પોલીસ તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું હતું અને ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી.

તહેવારોના સમયે વધતા જતા ચોરીના બનાવોને ડામવા અને આરોપીઓને ઝડપી પાડવા માટે વલસાડ એલસીબી (LCB) તેમજ સમગ્ર જિલ્લાની પોલીસની વિવિધ ટીમો કામે લાગી ગઈ છે.

પોલીસ દ્વારા ગુનાનો ભેદ ઉકેલવા માટે અલગ-અલગ દિશામાં તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. ઘટનાસ્થળ અને તેની આસપાસના વિસ્તારોના સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવી તસ્કરોની ઓળખ કરવાની કાર્યવાહી ચાલી રહી છે. આ ઉપરાંત, શહેરમાં ચાલી રહેલા વિવિધ બાંધકામોના સ્થળે રહેતા મજૂરોના પડાવ તેમજ વિસ્તારમાં શંકાસ્પદ રીતે અવરજવર કરતા વ્યક્તિઓની સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી છે. તસ્કરો ચોરી કર્યા બાદ શહેર છોડીને ભાગી ન જાય તે માટે પોલીસ દ્વારા વલસાડ રેલવે સ્ટેશન અને બસ સ્ટેન્ડના સીસીટીવી કેમેરાની પણ ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે.

વાપી ચણોદમાં દંપતિના ઝઘડામાં બે ઈસમોએ ડંડાથી પતિનું માથું ફોડ્યું

વાપી : વાપી ડુંગરી ફળિયા સ્થિત ચાલીમાં રહેતા રામઅવતાર જાટના વતનમાં રહેતા ફુવાનું અવસાન ગત તા.14-11-26 ના રોજ થયેલું હતું. બપોરે ચણોદ અતુલ ફળિયામાં કામ પર ગયેલી પત્નીને આ વાતની જાણ કરી વતન રાજસ્થાન જવાનું કહ્યું હતું. જો કે, તે વાતને લઈ પત્નીએ ના પાડતા દંપતિ વચ્ચે ઝઘડો થયો હતો. આ સમયે ત્યાં ક્રિષ્ના અને રૂપેશ આવ્યા હતા અને ઝઘડો કરવાની ના પાડી હતી. જે બાદ બંને ઉશ્કેરાઈ ગયા હતા અને ઢીક્કામુક્કી કરી હતી અને લાકડાનો ડંડો લઈ માથાના ભાગે મારી દીધો હતો. જેને લઈ માથાના ભાગે ઈજા થતાં 108 એમ્બ્યુલન્સ બોલાવી બલીઠા સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા હતાં. આ બનાવ અંગેની ફરિયાદ રામઅતવારે પોલીસ મથકમાં કરી હતી.













